BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'ભારતીય ભાષા પરિવાર' વિષય પર બે દિવસીય અધિવેશનનો ભવ્ય પ્રારંભ

## » શિક્ષણ અને સાહિત્ય જગતના વિદ્વાનોની ઉપસ્થિતિ

ગુજરાત મેઈલ • અમદાવાદ

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની ભારતીય ભાષા સમિતિના સહયોગથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા 'ભારતીય ભાષા પરિવાર' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનનું ગૌરવવંતુ આયોજન કરવામાં આવ્યું છે.




આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે યુનિવર્સિટીનાં કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાય, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. મધુકરભાઈ પડવી, દિલ્હી યુનિવર્સિટીના પ્રો. રવિ પ્રકાશ ટેકચંદાની તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર પ્રો. જયેન્દ્રસિંહ જાદવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ભારતીય ભાષા સમિતિ દ્વારા તૈયાર કરાયેલા બે મહત્ત્વના સંશોધન ગ્રંથો 'ભારતીય ભાષા પરિવારઃ અ ન્યૂ ફ્રેમવર્ક ઈન લિંગ્વિસ્ટિક્સ' અને 'કલેક્ટેડ સ્ટડીઝ ઓન ભારતીય ભાષા પરિવાર'નું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્ર દરમિયાન મહાનુભાવોએ ભારતીય ભાષાઓની સમૃદ્ધિ અને સાંસ્કૃતિક વિરાસત પર ભાર મૂક્યો હતો. કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ભારતીય ભાષાઓ માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ તે આપણા સંસ્કાર અને સંસ્કૃતિનો જીવંત વારસો છે.

શ્રી ભાગ્યેશ જહાએ તમામ ભારતીય ભાષાઓના મૂળમાં રહેલા સંસ્કૃતના પ્રભાવને વર્ણવી ભાષાને સામૂહિક ચેતનાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. આદિવાસી બોલીઓના મહત્વ અંગે વાત કરતા પ્રો. મધુકરભાઈ પડવીએ સ્પષ્ટ કર્યું હતું કે, લિપિના અભાવે આ બોલીઓને ગૌણ ન ગણી શકાય, કારણ કે તે જ્ઞાન વહનનું અત્યંત સશક્ત માધ્યમ છે અને ભારતીય ભાષા પરિવારનો અભિન્ન હિસ્સો છે.

અધિવેશનમાં માતૃભાષા અને મૌલિક ચિંતન પર વિશેષ ભાર મૂકતા પ્રો. રવિ પ્રકાશ ટેકચંદાનીએ તેને સાચી સ્વતંત્રતાનો આધાર ગણાવ્યો હતો. જ્યારે પ્રો. જયેન્દ્રસિંહ જાદવે ભારતીય ભાષાઓને એક જ જ્ઞાનપરંપરાના વિવિધ સ્વરૂપો તરીકે ઓળખાવી તેને મૂળ સંસ્કૃતિ સાથે જોડીને જોવાની અનિવાર્યતા સમજાવી હતી.